# ધી ન્યુ ઈંડિયા એસ્યોરન્સ કંપની લિમિટેડ

(ભારત સરકારનું ઉપક્રમ)

રજિસ્ટર્ડ અને મુખ્ય કાર્યાલય : ન્યુ ઈંડિયા એસ્યોરન્સ બિલ્ડીંગ, ૮૭, મહાત્મા ગાંધી માર્ગ, ફોર્ટ, મુંબઈ ૪૦૦ ૦૦૧

## જનતા અંગત અકસ્માત વીમા પૉલિસી
## (૧૦-૭૦ વર્ષના વયજૂથ માટે)

નીચેની અનુસૂચિમાં જણાવેલ વીમાદારે આ સાથેની અનુસૂચિમાં જણાવ્યા અનુસાર (તેમાં સમાવિષ્ટ નિવેદનોની સચ્ચાઈ દર્શાવતો) લેખિત પ્રસ્તાવ ધી ન્યુ ઈંડિયા એસ્યોરન્સ કં. લિ. (આમાં હવે પછી કંપની જણાવેલ)ને મૂક્યો અથવા મુકાવ્યો છે, તે આ કરારનો આધાર છે. તેને આમાં સમાવિષ્ટ ગણવામાં આવ્યો છે અને અનુસૂચિમાં દર્શાવેલ સમય દરમિયાન આમાં હવે પછી દર્શાવેલ જોખમોના વીમા માટે આમાં દર્શાવેલ પ્રીમિયમ કંપનીને ચૂકવ્યું છે, તેથી;

હવે આ પૉલિસી સાક્ષી પૂરે છે કે આમાં સમાવિષ્ટ શરતો, નિષેધો, વ્યાખ્યાઓ અથવા શેરો કરેલ અથવા અન્યથા જણાવેલ શરતોને અધીન રહીને, કંપની હવે પછી દર્શાવ્યા પ્રમાણે વીમાદારની હાનિરક્ષા કરી આપશે.

વીમાદાર બહારનાં હિંસક અને દૃશ્ય સાધનોથી થયેલા અકસ્માતથી સંપૂર્ણપણે અને સીધી રીતે થયેલી શારીરિક ઈજા ભોગવે, તો કંપની વીમાદારને આમાં હવે પછી નિયત થયેલી રકમ ચૂકવશે :

(ક) બાર કેલેન્ડર મહિનાની અંદર થયેલી આવી ઈજા વીમાદારના મૃત્યુનું સંપૂર્ણ અને સીધું કારણ હોય, તો આ ખંડ હેઠળ ચૂકવવાપાત્ર રકમ અનુસૂચિમાં દર્શાવેલ નોમિનીને ચૂકવવામાં આવશે.

(ખ) બાર કેલેન્ડર મહિનાની અંદર થયેલી આવી ઈજા બંને આંખ ગુમાવવાના અને મટી ન શકે તેવા નુકસાન અથવા બે હાથ અથવા બે પગ અથવા એક હાથ અને એક પગના ઉપયોગ સંપૂર્ણ અને મટી ન શકે તેવું નુકસાન અથવા એક આંખની દૃષ્ટિ અને એક પગ અથવા તો એક આંખ અને એક હાથ ગુમાવ્યા હોય, તો આ અંગેની અનુસૂચિમાં જણાવેલી વીમાની મૂળ રકમ;

(ગ) બાર કેલેન્ડર મહિનાની અંદર થયેલી આવી ઈજા એક આંખની દૃષ્ટિ અથવા એક હાથ અથવા એક પગના ઉપયોગનો સંપૂર્ણ અને મટી ન શકે તેવું નુકસાન થવા માટેનું સંપૂર્ણ અને સીધું કારણ હોય, તો આ અંગેની અનુસૂચિમાં જણાવેલી વીમાની મૂળ રકમના પચાસ ટકા;

(ઘ) આવી ઈજા તેના સીધા પરિણામ રૂપે ગમે તે વર્ણનના કોઈ રોજગાર અથવા વ્યવસાયમાં તરત કામગીરી કરવા અથવા તેના પર ધ્યાન આપવા વીમાદારને કાયમી સંપૂર્ણ અને તદ્દન અશક્ત બનાવે, તો અનુસૂચિમાં જણાવેલી વીમાની મૂળ રકમ.

### જોગવાઈઓ

પરંતુ હંમેશાં એ શરત રહેશે કે કંપની આ પૉલિસી હેઠળ નીચેની બાબતો માટે જવાબદાર રહેશે નહિ :

૧. તે જ ઈજા અથવા અશક્તતા બાબતમાં પેટા-ખંડ (ક), (ખ), (ગ) અથવા (ઘ)ના એક કરતાં વધારે ખંડ હેઠળ વળતર.

૨. વીમાના કોઈ એક વર્ષ દરમિયાન પૉલિસી હેઠળ વીમાની રકમ કરતાં વધારે ચુકવણી;

૩. આ પૉલિસી ઈસ્યુ કર્યા તારીખે હોય તેવી કોઈ અશક્તતામાંથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ઊભી થતી અથવા તેમાં ફાળો આપતી અથવા તેમાંથી મળી આવતી ઈજા અથવા અશક્તતા અંગે વળતર ચૂકવવા.

૪. (ક) ઈરાદાપૂર્વક જાતે ઈજા, આપઘાત અથવા આપઘાતના પ્રયાસ (ખ) માદક દારૂ અથવા ડ્રગની અસર નીચે હોય ત્યારે (ગ) પૈડાંવાળાં વાહનોની રેસ રમતાં, શિકાર કરતાં, શિકારી પ્રાણીઓ પર ગોળી ચલાવતાં, પર્વતારોહણ કરતાં અથવા શિયાળામાં બરફ પર ચાલવાની રમતો અને બરફ હોકી (ઘ) ગાંડપણમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કરેલ (ચ) ગુનાહિત ઈરાદાથી વીમાદારે કાયદાનો કોઈ ભંગ કર્યો હોવાને કારણે અથવા તેમાંથી ઉપસ્થિત થતાં મૃત્યુ, ઈજા અથવા અશક્તતા બાબતમાં વળતરની ચુકવણી;

૫. (ક) યુદ્ધ, ચડાઈ, વિદેશી દુશ્મનનું કૃત્ય, દુશ્મનાવટ (યુદ્ધ જાહેર થયું હોય કે નહિ), આંતરવિગ્રહ, બંડ, ક્રાંતિ, વિદ્રોહ (insurrection), લશ્કરી બળવો (mutiny), લશ્કરી અથવા છીનવી લીધેલી સત્તા, બધા રાજા, રાજકુમારો, ગમે તે રાષ્ટ્ર, સ્થિતિ અને ગુણવત્તાવાળા લોકોને અટકમાં લેવા, કબજે કરવા, જપ્તી કરવી, ધરપકડ કરવી, રોકવા, અટકાવવાને લીધે વીમાદારનાં મૃત્યુ, ઈજા અથવા અશક્તતા અંગે વળતરની ચુકવણી;

૬. આયનીત કિરણોત્સર્ગમાંથી અને તે કારણસર ઉદ્દભવતા અથવા કોઈ પણ સ્રોતમાંથી રેડિયો એક્ટિવિટીથી અથવા અણુશસ્ત્રોની સામગ્રીમાંથી ઊભા થતા, તેમાં તેના કારણરૂપ હોય તેવા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે વીમાદારનું મૃત્યુ અથવા તેને શારીરિક ઈજા બાબતમાં વળતરની ચુકવણી.

પરંતુ આ પૉલિસીની શરતો યોગ્ય રીતે પરિપૂર્ણ કરવાની બાબત અથવા તેનું પાલન (આ શરતો અને તે પરના બધા શેરા આ પૉલિસીના ભાગ તરીકે વાંચવાના છે), તે વીમાદારે કરવા કે નહિ કરવાને લગતું હોય તે આ પૉલિસી હેઠળ કંપનીની જવાબદારી અંગેની પૂર્વ-શરત રહેશે.

**શરતો**

૧. આ પૉલિસી હેઠળ દાવો ઊભો કરતો કોઈ બનાવ બનતાં, વીમાદારે તરત જ કંપનીને આ અંગેની નોટિસ આપવી. કોઈ વાજબી કારણ દર્શાવ્યું હોય તે સિવાય પૉલિસી હેઠળ દાવો ઊભો કર્યા પછી તરત જ વીમાદારે દાવાની બધી વિગતો સાથે કંપનીને લેખિત નોટિસ આપવી.

૨. જેના પર દાવાનો આધાર હોય તે બધી બાબતો અંગે કંપનીને સંતોષકારક લાગે તેવી સાબિતી રજૂ કરવાની રહેશે. કોઈ કહેવાતી ઈજા કે અશક્તતાના પ્રસંગે કંપની વતી યોગ્ય રીતે જરૂરી હોય ત્યારે અને તેટલીવાર કંપનીના અથવા કંપનીએ અધિકૃત કરેલ તબીબી અધિકારી અથવા બીજા એજન્ટને વીમદાર અથવા તેની વ્યક્તિને તપાસવાની છૂટ અપાશે અથવા મૃત્યુ બાબતમાં વીમાદારના શરીરની શબ-પરીક્ષા કરવા દેવાશે અને કંપનીને વખતોવખત જરૂરી હોય તેવા પુરાવા (શબ-પરીક્ષા સહિત), લેખિત માગણી કર્યા પછી ચૌદ દિવસની અંદર રજૂ કરવાના રહેશે. પરંતુ મૃત્યુ અથવા સંપૂર્ણ અશક્તતાના દાવા બાબતમાં, આ પૉલિસીની સોંપણી પર જ ચૂકવવાપાત્ર થશે.

૩. આ પૉલિસી હેઠળ ચૂકવવાપાત્ર રકમ પર વ્યાજ મળશે નહિ.

૪. વીમાદારે અથવા વીમાદાર વતી કોઈ વ્યક્તિના કપટી રીતે કરેલા અથવા કપટી નિવેદન અથવા કપટી પ્રયુક્તિથી સમર્થિત કરેલા કોઈ દાવા બાબતમાં આ પૉલિસી હેઠળ નાણાં ચૂકવવા કંપની જવાબદાર રહેશે નહિ.

૫. કંપની લેખિત નોટિસ આપીને કોઈ પણ વખતે આ પૉલિસી રદ કરી શકશે. પરંતુ તેવી બાબતમાં કંપની છેલ્લા ચૂકવેલ પ્રીમિયમમાંથી પૂરા થયેલા વીમાની ચાલુ મુદતના ભાગ માટે તેનું ભાગે પડતું પ્રીમિયમ બાદ કરીને વીમાદારને તેટલી રકમ પાછી આપશે. કંપનીના ચોપડામાં છેલ્લે નોંધાયેલ સરનામે વીમાદારને ટપાલ લખી હોય, તો આ નોટિસ પૂરતી ગણાશે અને ટપાલના સમાન્ય ક્રમમાં તે વીમાદારને મળી હોય તે તારીખે મળી ગઈ હોવાનું ગણાશે.

૬. આ પૉલિસી હેઠળ ચૂકવવાની રકમના પ્રમાણ અંગે કોઈ મતભેદ ઊભા થાય, (અન્યથા જવાબદારી કબૂલ રખાય છે) તો વખતોવખત સુધારેલા અને હાલ પૂરતા અમલમાં હોય તેવા ભારતીય લવાદ અધિનિયમ, ૧૯૪૦ની જોગવાઈઓ અનુસાર આવા તફાવત અંગે લવાદને પૂછવામાં આવશે. આથી સ્પષ્ટપણે કબૂલ કરવામાં અને સમજવામાં આવે છે કે કંપનીએ આ પૉલિસી હેઠળ અથવા ને સંબંધમાં જવાબદારી અંગે વિવાદ કર્યો હોય અથવા જવાબદારી સ્વીકારી ન હોય, તો કોઈ તફાવત અથવા વિવાદ લવાદને પુછાવાશે નહિ.

આથી વધુમાં સ્પષ્ટ રીતે કબૂલ કરવામાં અને જાહેર કરવામાં આવે છે કે કંપની પૉલિસી હેઠળના વીમાદારના દાવા માટે ચૂકવવાની જવાબદારી ન સ્વીકારે, તો આવો દાવો ન સ્વીકાર્યાના ૧૨ કેલેન્ડર મહિનાની અંદર આવો દાવો ન કર્યો હોય, તો કાયદાની કોર્ટમાં મુકદ્દમાને અધીન રહીને તમામ હેતુઓ માટે આવો દાવો છોડી દીધેલો માનવામાં આવશે અને તે પછી આની નીચે કોઈ રકમ વસૂલ કરી શકાશે નહિ.

ઈસ્યુ કરનાર ઓફિસનો સરનામાનો સિક્કો

ન્યુ ઇંડિયા એસ્યોરન્સ કંપની લિ. વતી

યોગ્ય રીતે નિમાયેલ એટર્ની

**નોંધ :** કાનૂની અર્થઘટન માટે અંગ્રેજી પાઠ માન્ય ગણાશે.